Tuesday, October 15, 2013
11:06 AM



સંદેશ

Ahmedabad District Tuesday, October 15, 2013

# ગુજરાતી લેક્સિકોનના સ્થાપક રતિલાલ ચંદરિયાનું અવસાન

અમદાવાદ, તા.૧૪

જૂની પેઢીને કમ્પ્યુટર અને ઇન્ટરનેટ સાથે જોડવાનું તો ટેક્નોસાવી નવી પેઢીને ગુજરાતી ભાષા સાથે જોડી રાખવાનું અને એ રીતે ગુજરાતી ભાષાના વિકાસ-વિસ્તારમાં મહામૂલું યોગદાન આપનાર રતિલાલ ચંદરિયાનું રવિવારે ૧૩ ઓક્ટોબરના રોજ રાતે ૯૧ વર્ષની વયે મુંબઈ ખાતે દુઃખદ નિધન થયું. રતિલાલ પ્રેમચંદ ચંદરિયા મૂળે તો ઉદ્યોગ સાહસિક. આફ્રિકન, યુરોપીયન અને અમેરિકન દેશોમાં વેપાર-વ્યવસાય કરનારા આ માતૃભાષા પ્રેમી જીવે ગુજરાતી લેક્સિકોન સહિતના પ્રોજેક્ટ પાછળ જિંદગીના પચીસ વર્ષથી વધુ સમય આપ્યો હતો.

- **આઈટી યુગમાં ગુજરાતી ભાષાને હરણફાળ ભરાવવામાં સિંહફાળો**
- **ભગવદ્ ગોમંડળના ડિજિટલાઇઝેશનનું મહામૂલું પ્રદાન**

ગોંડલના રાજા ભગવતસિંહજીની ગુજરાતી ભાષાનો સંપૂર્ણ વિશ્વકોશ બનાવવાની વર્ષોજૂની મહેનતનું ડિજિટલાઇઝેશન કરીને તેમણે ઇન્ટરનેટના જમાનામાં ફરી સાર્થક અને સાંપ્રત બનાવી હતી.

ભગવદ્ગોમંડળને ઇન્ટરનેટ પર ઓનલાઇન ઉપલબ્ધ કરાવવા ઉપરાંત તેને સીડીમાં પણ સમાવીને દેશ-વિદેશમાં પહોંચાડી હતી.

ગુજરાતી લેક્સિકોન, ઓનલાઇન ગુજરાતી ડિક્શનરી આપવા ઉપરાંત તેમણે ડિજિટલ સાર્થકોશ, સ્પેલચેકર, ગુજરાતી લોકકોશ, બાળકો માટેની રમતો, ક્વીઝ અને મોબાઇલ એપ્લિકેશન્સ જેવા વિશિષ્ટ પ્રોજેક્ટ્સને પણ આગળ વધાર્યા હતા.

૨૪ ઓક્ટોબર, ૧૯૨૨માં વિજયા દશમીના દિવસે જ જન્મેલા રતિકાકાનું નિધન પણ વિજયાદશમીના દિવસે જ થયું છે. ગુજરાતી ભાષાને જીવંત રાખવામાં તેમણે જે યોગદાન આપ્યું છે, તે કાયમ યાદ રખાશે.

.

**Sandesh - Leading Gujarati Daily**